# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧૮** **WRITER | YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. નવ ગ્રૈવેયકના કુલ વિમાન કેટલા છે? તેનો આકાર કેવો છે? **૩૧૮, ગાગર બેડાના આકારે.**

૨. પ્રાણાતિપાત એટલે શું? **૧૦ પ્રાણમાંથી આયુષ્ય પ્રાણનો નાશ કરવો તે.**

૩. સંથારો શ્રાવકનો કેટલામો વિસામો અને મનોરથ છે? **ચોથો વિસામો, ત્રીજો મનોરથ.**

૪. ક્રિયાસ્થાન એટલે શું? તે કેટલા છે? **અર્થદંડ આદિ કર્મની આવક કરનાર ચેષ્ટા. તે ૧૩ છે.**

૫. પચ્ચકખાણ આવશ્યકથી શું લાભ થાય છે? **ઈચ્છા નિરોધ થાય. તૃષ્ણા રહિત થવાથી પરમશાંતિ થાય.**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખી તે કયા પાઠમાં છે? તે લખો.** **(૫)**

૧. અભગ્ગો **અભગ્ગ–ભાંગે નહિ** **સામાયિકનો ચોથો પાઠ (તસ્સ ઉત્તરી કરણેણં)**

૨. ઉમ્મગ્ગો **સાચા જૈન માર્ગ વિરુદ્ધ** **પ્રતિક્રમણનો બીજો પાઠ**

૩. કમ્મઉ ય **કર્મ સંબંધી અને** **સાતમા વ્રતમાં**

૪. પરિગ્ગહિયં **ગ્રહણ કરેલી હોય** **બીજા શ્રમણસૂત્રમાં**

૫. ઈણમેવ **આ જ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

**(૩) નીચેના અતિચાર લખી તે કયા પાઠમાં છે? તે લખો.** **(૫)**

૧. ઘોડાના નાક છેદાવ્યા હોય. **છવિચ્છેએ, નિલ્લંછણકમ્મે** **પહેલા વ્રતમાં, સાતમા વ્રતમાં**

૨. ઘોડાના વાળનો વેપાર કર્યો હોય. **કેસ વાણિજ્જે** **સાતમા વ્રતમાં**

૩. બેની જગ્યાએ ચાર ઘોડા રાખ્યા હોય. **દુપદ-ચઉપ્પદપ્પમાણાઈક્કમે** **પાંચમા વ્રતમાં**

૪. ઘોડા પર અફીણની સ્મગલિંગ કરી હોય. **વિરુદ્ધ રજ્જાઈક્કમે** **ત્રીજા વ્રતમાં**

૫. ઘોડા પર બેસીને સામાયિક કરી હોય. **કાય દુપ્પણિહાણે** **નવમા વ્રતમાં/સામાયિકના ૮ મા પાઠમાં**

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ભગવાને શેના પર શયન કરેલું હતું? **લાકડાના કે ઊંચા-નીચા આસનો પર.**

૨. વજ્રભૂમિના લોકો શા માટે ક્રોધી હતા? **તેઓ રુક્ષ આહાર કરતા હોવાથી ક્રોધી હતા.**

૩. ભગવાન કેવું તપ કરતા હતા? **આહાર-પાણી વિનાનું તપ કરતા હતા.**

૪. ભગવાન શેના દ્વારા સંયમમાં પ્રબળ પુરુષાર્થ કરતા હતા?

**ભગવાન હંમેશાં સદા શુભ અનુષ્ઠાનો દ્વારા સંયમમાં પ્રબળ પુરુષાર્થ કરતા હતા.**

૫. ભગવાન કયા આસનમાં બેસતા હતા? **ભગવાન ગોદુહ આસન કે ઉત્કૃષ્ટ આસનમાં બેસતા હતા.**

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉમજ્જન-નિમજ્જન, વલયાકાર, તથારૂપ અને અવિતથ વ્યાખ્યાન એટલે શું? **(૨×૨)**

**ઉમજ્જન-નિમજ્જન : નીચેથી ઉપર-ઉપરથી નીચે કૂદાકૂદ કરે ત્યારે, વલયાકાર : ગોળ, તથારૂપ : પૂર્ણ અહિંસક શ્રમણ અને અવિતથ વ્યાખ્યાન : યથાતથ્ય વચનનો પ્રયોગ કરવાવાળા.**

૨. દેવવિમાનના સંસ્થાન અને સ્થવિરના પ્રકાર લખો.

**દેવવિમાનના સંસ્થાન : વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ.**

**સ્થવિરના પ્રકાર : જાતિ સ્થવિર, શ્રુત સ્થવિર, પર્યાય સ્થવિર.**

૩. પૃથ્વીનો એક ભાગ ચલિત થવાનું ત્રીજું કારણ લખો. **(૧×૬)**

**નાગકુમાર અને સુવર્ણકુમાર ભવનપતિના દેવો વચ્ચે સંગ્રામ થવાથી.**

૪. કયા તીર્થંકરે ૩૦૦ પુરુષ સાથે દીક્ષા લીધી? **મલ્લિનાથ ભગવાન અને પાર્શ્વનાથ ભગવાન.**

૫. ત્રસ જીવના પ્રકાર લખો. **તેજસ્કાયિક, વાયુકાયિક, ઉદાર ત્રસ પ્રાણી.**

૬. સાધુનો પહેલો મનોરથ કયો છે? **ક્યારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ ક્યારે કરીશ?**

૭. પરિગ્રહના પ્રકાર લખો. **કર્મરૂપ ઉપધિ, શરીરરૂપી ઉપધિ, વસ્ત્ર–પાત્ર આદિરૂપ બાહ્ય ઉપધિ.**

૮. પ્રયોગ પરિણત એટલે શું? **જીવના વ્યાપારથી બનેલા હોય તે. જેમ કે ઘડો, જીવનું શરીર વગેરે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. સાર્થવાહ કોને કહેવાય? **વેપારી/કાફલાનો નાયક.**

૨. ભદ્રા વૈશ્રમણ ગૃહમાં આવીને શું કહ્યું? **જો હું પુત્ર કે પુત્રીને જન્મ આપીશ તો તમારી પૂજા કરીશ, અક્ષય નિધિની વૃદ્ધિ કરીશ.**

૩. અનંત સંસાર કોણ વધારે છે? **જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર–પાણીમાં મુગ્ધ થાય છે, તે અનંત સંસાર વધારે છે.**

૪ . કોણ બોલે છે? કોને કહે છે? તમને મળ–મૂત્રની બાધા થઈ છે.

**વિજય ચોર ધન્ય સાર્થવાહને કહે છે.**

૫. ધન્ય સાર્થવાહ અત્યારે ક્યાં છે? ત્યાં તેમની સ્થિતિ કેટલી છે?

**ધન્ય સાર્થવાહ અત્યારે સૌધર્મ દેવલોકમાં છે. ત્યાં તેમની સ્થિતિ ૪ પલ્યોપમની છે.**

૬. જિતશત્રુ રાજાએ પાણી પીને શું કીધું? **હે દેવાનુપ્રિયો! આ ઉદક રત્ન કેટલું સ્વચ્છ અને સમસ્ત ઈંદ્રિયો તથા શરીરના માટે અત્યંત આહ્લાદક છે.**

૭. ઉદકજ્ઞાત કેટલામું અધ્યયન છે? તેમાં શેનો અધિકાર છે?

**ઉદકજ્ઞાત બારમું અધ્યયન છે, તેમાં જિતશત્રુ રાજા–સુબુદ્ધિ પ્રધાનનો અધિકાર છે.**

૮. જિતશત્રુ રાજાની નગરી, યુવરાજનું નામ શું હતું? **ચંપાનગરી, અદીનશત્રુ.**

૯. પુદ્ગલોમાં પરિણમન કયા પ્રકારે થાય છે? **પ્રયોગ અને સ્વાભાવથી થાય છે.**

૧૦. કોનો સત્સંગ કરવો જોઈએ? **જિન આજ્ઞાપાલક ગુરુ ભગવંતોનો વધુ ને વધુ સત્સંગ કરવો જોઈએ.**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દોમાં લખો.** **(૫)**

૧. હાથીની ગતિ કોના જેવી હતી? **મન અને પવન**

૨. કામદેવ શ્રાવકના કઈ નગરીમાં રહેતા હતા? ત્યાં કયું ઉદ્યાન હતું? **ચંપાનગરી, પૂર્ણભદ્ર ઉદ્યાન**

૩. પિશાચના રૂપ પછી દેવે કયા રૂપ બનાવ્યા? **હાથી, સાપ**

૪. કામદેવ શ્રાવકે શું સફળ કર્યું? **મનુષ્યજન્મ, જીવન**

૫. કામદેવ શ્રાવકે દોષોનું શું કર્યું? **આલોચના, પ્રતિક્રમણ**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. સાધુ-સાધ્વીઓની ...... કેવી હોય? **સહનશીલતા**

૨. છ વ્રજ એટલે ...... ...... હતી. **૬0000 ગાયો**

૩. દેવ કામદેવને ......, ......, ...... ન કરી શક્યા. **ચલિત, ક્ષોભિત, વિપરિણામિત**

૪. આપને નિર્ગ્રંથ પ્રવચનમાં પૂર્ણ ......, ......, ...... તથા ...... છે. **દ્રઢતા, નિષ્ઠા, શ્રદ્ધા, રુચિ**

**(આ) અંતગડ સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. ત્રીજા અધ્યયનનું નામ શું હતું? (**અજિતસેન**, સારણ કુમાર, અનાદૃષ્ટિ કુમાર)

૨. નાગ ગાથાપતિની પત્નીનું નામ (સુભદ્રા, ભદ્રા, **સુલસા**)

૩. ભદ્દિલપુર નગરના રાજાનું નામ શું હતું? (વિજય, **જિતશત્રુ**, સિદ્ધાર્થ)

૪. અનિકસેન કયા પર્વત પર સિદ્ધ થયા? (**શત્રુંજય**, વૈભારગિરિ, ગિરનાર)

૫. અનિકસેનના લગ્ન કેટલી કન્યાઓ સાથે? (૮, ૧૬, ૩૨)

(૫)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. અનુત્તરોવવાઈ સૂત્રના પાંચમા અને છટ્ઠા અધ્યયનનું નામ લખો. **૫) રામપુત્ર કુમાર ૬) ચંદ્ર કુમાર**

૨. પાંચમી ધાવ માતા શું કાર્ય કરે છે? **વિવિધ પ્રકારની ક્રિયા કરાવવાનું કાર્ય કરે છે.**

૩. આપણા કયા અંગોમાં હાડકા હોતા નથી? **ઉદર, નાક, જીભ, હોઠ**

૪. ભગવાને ધન્ના અણગાર માટે શું કહ્યું? **મહાદુષ્કરક્રિયા અને મહાનિર્જરા કરવાવાળા કહ્યા.**

૫. ધન્ના અણગારે કોની પાસે અધ્યયન કર્યું? **તથારૂપના સ્થવિર ભગવંતો પાસે અધ્યયન કર્યું**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક આધારે નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. ઉદગં વા **ઓસં વા હિમં વા મહિયં વા કરગં વા હરિતગુણં વા સુદ્ધોદગં વા ઉદઉલ્લં વા કાયં** ઉદઉલ્લં ॥

**અર્થ : ઓસં વા-ઝાકળનો, હિમં વા-બરફનો, મહિયં-ધુમ્મસના પાણીનો, કરગં વા-કરાનો, હરિતગુણં**

**વા–લીલોતરી પર પડેલા પાણીના ટીપાંનો, શુદ્ધોદગં વા–વરસાદના પાણીનો, ઉદઉલ્લં વા કાયં–પાણીથી ભીંજાયેલ વસ્ત્ર**

૨. જાગરમાણે **પુઢવિં વા ભિત્તિં વા સિલં વા લેલું વા સસરક્ખં વા કાયં સસરક્ખં વા વત્થં** હત્થેણ ॥

**અર્થ : પુઢવિં–પૃથ્વીને, ભિત્તિં–દીવાલને, સિલં–શિલાને, લેલું–માટીના ઢેફાને, સસરક્ખં વા કાયં–સચેત રજ સહિત શરીરને, સસરક્ખં વા વત્થં–સચેત રજ સહિત વસ્ત્રને.**

૩. તેણં **ભગવયા એવમક્ખાયં ઈહ ખલુ છજ્જીવિણયા નામજ્ઝયણં** સમણે ॥

**અર્થ : ભગવયા–ભગવાને એવં–આ રીતે. અક્ખાયં–કહ્યું છે કે, ઈહ–આ જિનશાસનમાં, ખલુ–ખરેખર છજ્જીવિણયા–છકાયજીવોનું કથન કરનાર, નામ–નામનું અજ્ઝયણં–અધ્યયન છે.**

૪. **શબ્દોના અર્થ લખો.** ૧) ન આયાવિજ્જા **સૂકવાવે નહિ** ૨) પાણે **પ્રાણને, જીવોના પ્રાણને**

૩) પોરબીયા **તેના બીજ–પર્વમાં ગાંઠ હોય છે જેમ કે શેરડી** ૪) પીઢગંસિ **બાજોઠ પર**

૫) પરમાહમ્મિયા **પરમ સુખના અભિલાષી છે** ૬) દિવ્વં **દેવ સંબંધી**

૫. નીચેના શબ્દોનું માગધી લખો.

૧) મોરપીંછના પંખાથી **પિહુણેણ વા** ૨) ભેદન કરાવે નહિ **ન ભિંદાવિજ્જા**

૩) ત્યાગ કરું છું **પચ્ચક્ખામિ**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.**

૧. મિશ્ર કાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. મિશ્ર કાળ કઈ ગતિમાં હોય? તિર્યંચનો અલ્પ બહુત્વ લખો. (૬)

**મિશ્ર કાળ : તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય અનંત ભવોનો તે કાળ તે જીવની દૃષ્ટિથી તે ગતિનો મિશ્ર કાળ છે. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી ઓછામાં ઓછો એક કે તેથી વધુ નારકી ત્યાં હોય તે મિશ્ર કાળ. મિશ્ર કાળ ચારે ગતિમાં હોય છે.**

**સર્વથી થોડો અશૂન્ય કાળ, તેથી મિશ્ર કાળ અનંતગુણો.**

૨. વિપુલમતિ, કેવળદર્શન, સામાયિક, ધ્યાન ઈહભવિક, પરભવિક કે તદુભયભવિક છે? (૨×૨)

**જ. વિપુલમતિ, ધ્યાન, સામાયિક આ ત્રણે ઈહભવિક છે. કેવળદર્શન ઈહભવિક, પરભવિક, તદુભયભવિક છે.**

૩. ચારિત્ર કેમ પરભવિક કે તદુભયભવિક નથી?

**જે ચારિત્ર લીધું હોય તે ચારિત્ર લઈને બીજા ભવમાં જતો નથી કારણ કે ગ્રહણ કરેલું ચારિત્ર જીવતા સુધી જ હોય છે. વળી અહીં અલ્પ અંશે પણ ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય ત્યારે ત્યાં વિરતિનો તદ્દન અભાવ હોવાથી ચારિત્રનો પણ અભાવ થાય છે.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સુપ્ત જીવો અને અશાતા વેદનીયના ઢગલા કેટલા?

**સુપ્ત જીવોના ઢગલા ૪ અને અશાતા વેદનીયના ઢગલા ૨૪૦.**

૨. અપર્યાપ્તા અને પર્યાપ્તાનો અલ્પ બહુત્વ લખો.

**સર્વથી થોડા અપર્યાપ્તા તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા.**

૩. પાંચ સમય સુધી સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય?

**પાંચ સમય સુધી સિદ્ધ થાય તો જઘન્ય ૬૧ ઉત્કૃષ્ટ ૭૨ સિદ્ધ થાય.**

૪. સ્વલિંગ અને અન્યલિંગ એટલે શું?

**સ્વલિંગ એટલે જૈનમુનિના વેશે અને અન્યલિંગ એટલે જૈન સિવાયના સાધુ વેશે.**

૫. સિદ્ધ દ્વાર કયા ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે?

**સિદ્ધ દ્વાર સિદ્ધ પાહુડ ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે.**

૬. વાણવ્યંતર દેવી અને ભવનપતિ દેવીમાંથી કોણ વધારે અને કોણ ઓછું તેઓ અલ્પ બહુત્વ લખો.

**સર્વથી થોડી ભવનપતિની દેવી, તેથી વાણવ્યંતરની દેવી સંખ્યાતગુણી.**

૭. જીવરાશિ કેટલી છે? ક્યા પદનો અધિકાર છે?

**જીવરાશિ અનંતાનંત છે. ત્રીજા પદનો અધિકાર છે.**

૮. ૧ સમયમાં ૧૦ સિદ્ધ થાય ત્યાં કેટલા સમય સુધી સિદ્ધ થાય છે?

**૧ સમયમાં ૧૦ સિદ્ધ થાય ત્યાં નિરંતર ચાર સમય સુધી સિદ્ધ થાય છે. પછી નિયમા અંતર પડે છે.**

૯. ઊર્ધ્વલોકમાંથી અને મનુષ્યમાંથી નીકળેલા ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

**ઊર્ધ્વલોકમાંથી ઉત્કૃષ્ટ ૪ અને મનુષ્યમાંથી નીકળેલા ઉત્કૃષ્ટ ૧૦ સિદ્ધ થાય.**

૧૦. ઉત્કૃષ્ટ બે સિદ્ધ કોણ થાય?

**ઉત્કૃષ્ટ બે સિદ્ધ સમુદ્રમાંથી, પંડગવનમાંથી, સ્ત્રી તીર્થંકર અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા થાય.**

**પ્ર. ૧૦ આગમ પરિચય અવલોકનના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. ચોવીસમાં સમવાયમાં સૂત્ર સંખ્યા ...... વિગત ...... **૧૫, દેવાધિદેવ**

૨. સમવાયાંગની રચના અખંડ ...... અથવા અખંડ ...... ના રૂપમાં કરવામાં આવી છે.

**અંગ, અધ્યયન**

૩. ચિત્ત સારથી ......, ...... અને ...... પ્રધાન હતો. **ધાર્મિકવૃત્તિ, આસ્તિક, બુદ્ધિશાળી**

૪. શ્રમણ કેશીકુમારે ...... મતના ખંડનના ઉત્તરો આપ્યા. **અક્રિયાવાદી**

૫. રાયપસેણીય સૂત્રમાં ...... અને ...... ની કથા છે. **કેશીસ્વામી, પરદેશી રાજા**

**જય જિનેન્દ્ર**

❋ PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
❋ FOR BOOKS AND EXAM REGISTRATION